જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૧૧/૨૦૧૮ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૭૨/૧૮

**નકલી પોલીસ બની ઉંમર લાયક મહિલાઓને રોકી સોનાના દાગીના ઉતરાવી છેતરપીંડી કરતી તેમજ થાણે મહારાષ્ટ્રમાં ટોપ-૨૦ ચેઈન સ્નેચરો પૈકીના એક ઇરાની ગેંગના એક આંતરરાજય આરોપીને પકડી પાડી અમદાવાદ શહેરના કુલ-૬ તેમજ ઉત્તરપ્રદેશના અન્ય શહેરોના ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.**

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી સવારના સમયે તેમજ સુમસામ જગ્યાએ જ્યાં એકલ દોકલ ઉંમર લાયક જેમાં ખાસ કરીને (સીનીયર સીટીઝન) રાહદારી મહિલાઓ પસાર થતી હોય તેઓને રોકી પોલીસ તરીકેની ઓળખાણ આપી આગળ મર્ડર થયેલ છે, પોલીસનું ચેકીંગ ચાલે છે. તેમ જણાવી તેઓએ પહેરેલ સોનાના દાગીના ચેઈન, મંગળસુત્ર, બંગડીઓ વિગેરે ઉતરાવી આ દાગીના એક કાગળના પડીકામાં વીંટી તેઓની નજર ચુકવી આ અસલ દાગીનાના પડીકાની જગ્યાએ નકલી દાગીનાનું બીજું પડીકું તેઓને પધરાવી દઈ છેતરપીંડી કરવાના બનાવો બનવા પામેલ હોય અને હાલમાં દીવાળીનો તહેવાર આવતો હોય આ પ્રકારના ગુનાઓ કરવાવાળા ઇસમો તેમની ગેંગના સભ્યો સાથે આ પ્રકારના કામો કરવા માટે અમદાવાદ શહેર વિસ્તારમાં આવી આ પ્રકારના ગુનાઓ ન કરે જેથી તેને અટકાવવા સારૂ અને આવા વણશોધાયેલ ગુનાઓના ભેદ ઉકેલવા સારૂ ખાસ પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર નાઓએ અવાર-નવાર સુચનાઓ આપેલ હોય જે સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ. શ્રી આર.એસ.સુવેરા, પો.સ.ઇ. શ્રી વાય.એમ.ગોહીલ, પો.સ.ઇ શ્રી વાય.જી.ગુર્જર, પો.સ.ઈ. શ્રી આર.જે.ચૌધરી નાઓ આ ગેંગ વિશે માહીતી મેળવવા ટેકનીકલ અને ફીઝીકલ રીતે પ્રયત્નશીલ હતા અને આવા પ્રકારના બનાવોનો ઝીણવટપુર્વક અભ્યાસ કરતાં મધ્યપ્રદેશ તરફની કોઈ આંતરરાજ્ય ગેંગ કાર્યરત હોવાનું ફલિત થયેલ. ત્યારબાદ આ દિશામાં સતત પ્રયત્નશીલ હતા તે દરમ્યાન ઇરાની ગેંગના બિલાલ સિરાજ જાફરી તથા તેના સાગરીતો હાલમાં દીવાળીનો તહેવાર આવતો હોય જેથી આ દીવાળીના તહેવારોમાં સવારના સમયે તેમજ સુમસામ જગ્યાએ જ્યાં એકલ દોકલ ઉંમર લાયક જેમાં ખાસ કરીને (સીનીયર સીટીઝન) રાહદારી મહિલાઓ પસાર થતી હોય તેઓને રોકી આવા પ્રકારના ગુનાઓ કરવા માટે મધ્યપ્રદેશ થી ગુજરાતમાં તેમજ અન્ય રાજ્યોમાં આવતા જતા હોવાની માહીતી સોંપડેલ.

આ દરમ્યાન પો.સ.ઈ. શ્રી વાય.એમ.ગોહિલ નાઓને ખાનગી રાહે ચોક્કસ બાતમી હકીકત મળેલ કે હાલમાં દિવાળીનો તહેવાર ચાલતો હોય જેથી ઉપરોક્ત ઈરાની ગેંગનો મુખ્ય સુત્રધાર બિલાલ જાફરી આવા પ્રકારનાં કામોને અંજામ આપવા સારું અમદાવાદ શહેરમાં આવનાર છે. જે બાતમી આધારે તેઓએ સ્ટાફના અધિકારી તથા માણસો સાથે વોચ ગોઠવી કાલુપુર રેલ્વે સ્ટેશન પાસેથી આરોપી બિલાલ ઉર્ફે મોટા સ/ઓ સિરાજ શાપુર જાફરી (ઈરાની) ઉ.વ.૩૦ રહેવાસી પીપરીયા, વોર્ડ નં.૫, લોહીયાવોર્ડ, બી.એસ.એન.એલ. ટાવરની બાજુમાં, તા. પીપરીયા, જિલ્લો હોશંગાબાદ, મધ્યપ્રદેશ. મુળ વતન આંબીવલી (ઈસ્ટ), ભાસ્કર સ્કુલની બાજુમાં, કલ્યાણ, જિ.કલ્યાણ, મહારાષ્ટ્ર નાને પકડી પાડેલ. પકડાયેલ આરોપી બિલાલ ઉર્ફે મોટા જાફરી (ઈરાની) ની ઝીણવટપુર્વક પુછપરછ તપાસ કરતાં છેલ્લા એકાદ વર્ષ દરમ્યાન તેણે પોતાના અન્ય સાગરીતો સાથે ફોરવ્હિલ તેમજ મોટર સાયકલો ઉપર અમદાવાદ શહેરમાં આવી અલગ-અલગ જગ્યાઓએ એકલ-દોકલ ઉંમર લાયક (સીનીયર સીટીઝન) મહિલાઓને રોકી તેઓને પોલીસ તરીકેની ઓળખ આપી આગળ ખુન થયેલ હોય ચેકીંગ ચાલે છે તેમ જણાવી તેઓની નજર ચુકવી લેડીઝે પહેરેલ સોનાના દાગીના જેમાં ચેઈન, બંગડીઓ, મંગળસુત્ર વિગેરે કાઢી લીધેલ હોવાની કબુલાત કરેલ છે. જે બનાવો બાબતે તપાસ કરતાં નીચે મુજબના ગુનાઓ દાખલ થયેલ છે.

(૧) ગુજરાત યુનિવર્સિટી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૩૨/૨૦૧૭ ધી ઇ.પી.કો. કલમ ૪૦૬,૪૨૦,૧૭૦, ૧૧૪ મુજબ.

(૨) ઘાટલોડીયા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૫૧/૨૦૧૭ ઇપીકો કલમ ૪૦૬.૪૨૦.૧૭૦.૧૧૪ મુજબ

(૩) નારણપુરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૪૪/૨૦૧૭ ઇપીકો કલમ ૪૦૬.૪૨૦.૧૧૪ મુજબ

(૪) સેટેલાઈટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૩૮/૨૦૧૭ ઇપીકો કલમ ૪૨૦.૧૧૪ મુજબ

## આરોપીની પુછપરછ દરમ્યાન નીચે મુજબના ગુનાઓની કબુલાત કરેલ છે.

પકડાયેલ આરોપીએ પોતાના સાગરીતો સાથે મળી નીચે મુજબના ગુનાઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૧) નારણપુરા વિસ્તારમાંથી એક ઉંમર લાયક બહેનને રોકી તેઓને પોલીસ તરીકેની ઓળખાણ આપી સોનાની બંગડીઓ કઢાવી લીધેલ.

(૨) આનંદનગર વિસ્તારમાંથી એક રસ્તે જતાં બહેનને ઉભાં રાખી પોલીસ તરીકેની ઓળખાણ આપી તેઓએ પહેરેલ સોનાની બંગડીઓ ઉતારી દીધેલ.

(૩) ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે એક ઉંમર લાયક બહેનને રોકી તેઓને પોલીસની ઓળખાણ આપી તેઓએ પહેરેલ સોનાની ચેઈન, બંગડીઓ કઢાવી લીધેલ.

(૪) લખનૌ ખાતે અલગ-અલગ માણસોને રોકી તેઓને પોલીસની ઓળખાણ આપી ચેકીંગ કરવાના બહાને રોકડા રૂ.૩૦,૦૦૦/-, ૨૦,૦૦૦/-, ૧૦,૦૦૦/- કાઢી લીધેલ.

(૫) અલ્હાબાદમાં એક ભાઈને રોકી પોલીસની ઓળખાણ આપી તેઓનો થેલો ચેક કરવાના બહાને રોકડા રૂ.૫૦,૦૦૦/- કાઢી લીધેલા.

(૬) તેમજ આ સિવાય મધ્યપ્રદેશના ભોપાલ તથા ઉત્તરપ્રદેશનાં કાનપુરમાં પણ આવા જ પ્રકારના બનાવોને અંજામ આપેલ હોવાનુ જણાવેલ છે.

(૭) દક્ષિણ ભારતમાં કેરલા ખાતે પણ આવા પ્રકારના બનાવોને અંજામ આપેલ હોવાનું જણાવેલ છે.

**<u>પકડાયેલ આરોપીનો ગુનાહિત પુર્વ ઈતિહાસ</u>**

પકડાયેલ આરોપી બિલાલ જાફરીનો થાણે મહારાષ્ટ્રમાં પકડાયેલ ચેઈન સ્નેચીંગના ટોપ-૨૦ લીસ્ટેડ ગુનેગારોમાં સમાવેશ થાય છે. તેની વિરુધ્ધ કુલ-૧૭ જેટલા ચેઈન સ્નેચીંગના ગુના દાખલ થયેલ છે તેમજ મકોકા હેઠળ જેલમાં પણ જઈ આવેલ છે.

આજથી દશેક વર્ષ અગાઉ કલ્યાણ પોલીસ સ્ટેશનમાં છેતરપીંડીના ગુનામાં તેમજ મારામારીના ગુનાઓમાં બે વખત પકડાયેલ છે.

પકડાયેલ આરોપીએ પોતાના અન્ય સાગરીતો સાથે મળી આ સિવાય બીજા ગુનાઓ આચરેલ છે કે કેમ ? તેમજ તેઓની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

**<u>છેલ્લા દસ વર્ષથી લુંટ અને ધાડના ગુનામાં નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી અમદાવાદ પોલીસ</u>**

અમદાવાદ શહેરમાં દીવાળીના તહેવારો દરમ્યાન ઘરફોડ ચોરીના બનાવો અટકાવવા માટે મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની સુચનાથી સારૂ ખાસ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમબ્રાંચ, જોઇન્ટ પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧,૨ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર,નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ નાઓ દ્વારા દાહોદ,જાંબુઆ,અલીરાજપુર,ઉદેપુર,ડુંગરપુર,ઉતરપ્રદેશ વિગેરે જગ્યાઓના ઘરફોડ, લુંટ,ધાડના ગુનાઓમાં સક્રીય/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા તેમજ દીવાળીના તહેવાર સમયે આવા ઘરફોડ ચોરી તેમજ અન્ય ગુનાઓમાં સક્રીય આરોપીઓની હાજરી પ્રસ્થાપીત કરવા માટે ક્રાઇમબ્રાંચની તથા અમદાવાદ શહેરના અલગ અલગ ઝોન વિસ્તારના ડીસ્ટાફના પો.સ.ઇશ્રીઓ/ માણસોની જુદી જુદી ટીમો બનાવી આરોપીઓને પકડી પાડવા માટે મોકલી આપવામાં આવેલ જે પૈકી આજરોજ ઝોન-૫ વિસ્તારના ખોખરા પોલીસ સ્ટેશનમાં સર્વેલન્સ સ્કોડમાં ફરજ બજાવતા પો.સ.ઇ.શ્રી જી.કે.ચાવડા તથા ક્રાઇમબ્રાંચના માણસો દ્વારા દાહોદ જીલ્લા ખાતેથી વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૩૧/૨૦૦૮ ઇપીકો કલમ ૩૯૫.૩૯૭ વિગેરેના કામે છેલ્લા દસ વર્ષથી નાસતા ફરતા આરોપીઓ (૧) જવરા ભારતા બારીયા (૨) ભારતા લાલજી ભાભોર બંને રહે.ગામ મોટી ખરજ તા.ગરબાડા જી દાહોદવાળાઓને પકડી પાડવામાં આવેલ છે. અને બંને આરોપીઓને વધુ તપાસ અર્થે વટવા પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.

**<u>ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન :</u>**

મે.સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "બી" ડિવીઝન સાહેબ નાઓ તરફથી દિવાળી તહેવાર નિમિતે પ્રોહી તેમજ જુગારની પ્રવૃતી નેસ્ત નાબુદ કરવા અંગે મળેલ સુચના અન્વયે પો.ઇન્સ શ્રી એચ.બી.પટેલ સાહેબ તથા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ.શ્રી એ.બી.કાળે સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના અ.હેડ.કોન્સ. અર્જુનસિંહ ચતુરસિંહ, અ.પો.કો.નિલેશભાઇ કેશવલાલ, અ.લો.ર.મુકેશભાઇ રુપાભાઇ અ.લો.ર. આકાશકુમાર કનુભાઇ, અ.લો.ર. પર્વતસિંહ માનસિંહ અ.લો.ર. રવિભાઇ બાબુભાઇ, અ.લો.ર.વિશાલભાઇ જયેશભાઇ, અ.લો.ર. જયપાલસિંહ ભરતસિંહ, અ.લો.ર. વિપુલસિંહ પીરાજી તથા વુ.લોકરક્ષક ભાવિકાબા સહદેવસિંહનાઓ પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમાં હાજર હોય દરમ્યાન અ.પો.કો.નિલેશભાઇ કેશવલાલ તથા અ.લો.ર. પર્વતસિંહ માનસિંહ નાઓની સંયુક્ત બાતમી આધારે ઇસમ (૧) મહેશભાઇ વિરાભાઇ જાતે ભાટી ઉ.વ.૩૧ ધંધો મજુરી રહે-તુલસીમુખીનો વાસ રામદેવનગર સેટેલાઇટ અમદાવાદ શહેર+ ૦૬ =૦૭ નાઓને આજરોજ તા.૦૫/૧૧/૨૦૧૮ ના કલાક.૧૫/૩૦ વાગે મોડાદેવાનો વાસની અંદર મુખીના ઘર આગળ ખુલ્લી જગ્યાના જાહેરમા જુગાર રમતા પકડી પાડી ગંજીપાના નંગ – ૫૨, રોકડ નાણા રૂ.૨૨,૨૧૦/- તથા ત્રણ મો.ફોન. કિ.રૂ. ૧૩૦૦૦/- મળી કુલ્લે કી.રૂ.૩૫,૨૧૦/-નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.